# રાજકોટ મહાનગરપાલિકા

# ચુંટણી શાખા

# વર્ષ : ૨૦૧૮-૧૯

# રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ-૨૦૦૫

# કલમ-૪ મુજબની ૧૭ પ્રકારની માહિતી

# પ્રો-એક્ટીવ ડિસ્કલોઝર

# રાજકોટ મહાનગર સેવા સદન

ફોન નં.(૦૨૮૧) ૨૨૨૧૬૪૦ ઇ-મેઈલ- election@rmc.gov.in ચુંટણી શાખા


## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે , માહિતી અધિકાર અધિનિયમ -૨૦૦૫ ની કલમ -૪ અંતર્ગત આથી માહિતી જાહેર કરવાની થાય તો પ્રો -એક્ટીવ ડિસ્ક્લોઝર અમારા વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે અને તા .૦૧/૦૫/૨૦૧૮ ની સ્થિતિએ મંજુરી મેળવી અધ્યતન કરવામાં આવેલ છે.

આસિસ્ટન્ટ મેનેજર
રાજકોટ મહાનગરપાલિકા

## રાજકોટ મહાનગરપાલિકા

## ચુંટણી શાખા

### ⁕ અનુક્રમણિકા ⁕


| ક્રમ | પ્રકરણ ક્રમાંક | વિગત | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | ૧ | પ્રસ્તાવના | ૪ |
| ૨ | ૨ | સંગઠનની વિગતો કાર્યો અને વિગતો | ૫ |
| ૩ | ૩ | અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો | ૧૮ |
| ૪ | ૪ | કાર્યો કરવા માટે નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમસંગ્રહ અને દફતરો | ૨૩ |
| ૫ | ૫ | નીતિ ઘડતર અથવા નીતિના અમલ સંબંધી જનતાનાં સભ્યો સાથે સલાહ-પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોય તો તેની વિગત | ૨૪ |
| ૬ | ૬ | જાહેરતંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યક્તિઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનું પત્રક | ૨૫ |
| ૭ | ૭ | તેના ભાગ તરીકે રચાયેલ બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક | ૨૬ |
| ૮ | ૮ | સરકારી માહિતી અધિકારીઓના નામ, હોદ્દો અને અન્ય વિગતો | ૨૭ |
| ૯ | ૯ | નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપદ્ધતિ | ૨૮ |
| ૧૦ | ૧૦ | અધિકારીઓ અને કર્મચારીઓઓની માહિતી પુસ્તિકા (ડિરેક્ટરી) | ૨૯ |
| ૧૧ | ૧૧ | વિનિયમોમાં જોગવાઈ કાર્ય મુજબ મહેનતાણાની પદ્ધિ સહીત દરેક પદાધીકારી અને કર્મચારીને મળતું મહેનતાણું | ૩૦ |
| ૧૨ | ૧૨ | પ્રત્યેક સંસ્થાને ફાળવાયેલ અંદાજપત્ર | ૩૧ |
| ૧૩ | ૧૩ | સહાયકી કાર્યક્રમોના અમલ અંગેની પદ્ધતિ | ૩૨ |
| ૧૪ | ૧૪ | તેને આપેલ રાહતો, પરમીત કે અધિકૃતિ મેળવનારની વિગતો | ૩૩ |
| ૧૫ | ૧૫ | કાર્યો કરવા માટે નક્કી કરેલ ધોરણો | ૩૪ |
| ૧૬ | ૧૬ | વીજાણુંરૂપે ઉપલબ્ધ માહિતી | ૩૫ |
| ૧૭ | ૧૭ | કાર્યો કરવા માટે નક્કી કરેલ ધોરણો | ૩૬ |
| ૧૮ | ૧૮ | અન્ય ઉપયોગી માહિતી | ૩૭ |

## રાજકોટ મહાનગરપાલિકા

## ચુંટણી શાખા

## * પ્રકરણ - ૧ *

## પ્રસ્તાવના

**૧.૧ આ પુસ્તિકા (માહિતી અધિકારી અધિનિયમ, ૨૦૦૫)ની પાશ્ચાત ભૂમિકા અંગે જાણકારી**

- આ પુસ્તિકાથી રાજકોટ મહાનગરપાલિકાની ચુંટણી શાખાની , માહિતી અધિકાર અધિનિયમ , ૨૦૦૫ અન્વયે આપવાની થતી માહિતી રજુ કરેલ છે.

**૧.૨ આ પુસ્તિકાનો ઉદ્દેશ / હેતુ**

- આ પુસ્તિકામાંથી રાજકોટ મહાનગરપાલિકાની ચુંટણી શાખાની ફરજો , કાર્યપદ્ધતિ, અમલમાં હોય તેવા કાયદા, નિયમો, પેટા નિયમો, વિનિયમો, સ્થાયી આદેશો, માર્ગદર્શિકાઓને લગત માહિતી , મદદનીશ માહિતી અધિકારી , માહિતી અધિકારી અને એપેલેટ અધિકારીને લગત માહિતી તેમજ માહિતી મેળવવા માટેની પ્રક્રિયા જાહેર જનતા સમક્ષ મુકવાનો ઉદ્દેશ છે.

**૧.૩ આ પુસ્તિકા કઈ વ્યક્તિઓ / સંસ્થાઓ / સંગઠનો વગેરેને ઉપયોગી છે ?**

- માહિતી અધિકાર અધિનિયમ હેઠળ જે કોઈ માહિતી મેળવવા ઇચ્છુક હોય તે તમામને ઉપયોગી છે . ઉપરાંત શહેરમાં આવેલ વ્યાપારી સંગઠનો / સંસ્થાઓ / એસોસિએશનને પણ ઉપયોગી છે.

**૧.૪ આ પુસ્તિકામાં આપેલી માહિતીનું માળખું**

- પ્રકરણ-૨ (નિયમસંગ્રહ-૧) થી (નિયમસંગ્રહ-૧૭) સુધીની તમામ માહિતી.

**૧.૫ વ્યાખ્યાઓ**

- ધી બી.પી.એમ.સી. એક્ટ, ૧૯૪૯ માં આપેલ વ્યાખ્યાઓ તથા તે અન્વયે બનાવેલ નિયમો , વિનિયમો વિગેરેમાં આપેલ વ્યાખ્યાઓ અને માહિતી (મેળવવાનાં) અધિકાર અધિનિયમ, ૨૦૦૫ અને ગુજરાત માહિતી અધિકાર નિયમો , ૨૦૦૫ માં આપેલ વ્યાખ્યાઓ અનુસરવાની રહે છે . તેમજ ધી બી.પી.એમ.સી. એક્ટની કલમ-૬૮ હેઠળ મળેલ સત્તા અનુસાર અન્ય કાયદાની અમલવારી અર્થે જે તે કાયદામાં આપેલ વ્યાખ્યા અનુસરવાની રહે છે.

**૧.૬ કોઇ વ્યક્તિએ આ પુસ્તિકામાં આવરી લેવાયેલ વિષયો અંગે વધુ માહિતી મેળવવા માંગે તો તે માટેની સંપર્ક વ્યક્તિ**

શ્રી એ.એસ.વોરા
ખાસ ફરજ પરના અધિકારી,
આર.ટી.આઈ.વિભાગ, રાજકોટ મહાનગરપાલિકા,
ડો.આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.

**૧.૭ આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તે માહિતી મેળવવા માટેની કાર્યપદ્ધતિ અને ફી.**

પારા ૧.૬ માં દર્શાવેલ અધિકારીશ્રીનો સંપર્ક કરવાથી ઉપલબ્ધ માહિતી આપવા અંગે ફી સહિતની જરૂરી કાર્યવાહી કરવાની અને તેની ઉપલબ્ધતા માટે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

## રાજકોટ મહાનગરપાલિકા

## ચુંટણી શાખા

## * પ્રકરણ - ૨ (નિયમ સંગ્રહ-૧) *

## સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો

**(૨.૧) જાહેર તંત્ર ઉદ્દેશ / હેતુ -**

આ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચુંટણી શાખા દ્વારા

| | |
|---|---|
| ૧. | વિધાનસભાની તૈયાર થયેલી મતદાર યાદી પરથી રાજકોટ મહાનગરપાલિકાની ધી બી.પી.એમ.સી એકટની જોગવાઇઓ મુજબ વોર્ડવાઇઝ મતદાર યાદી તૈયાર કરવા માટે મ્યુનિસિપલ મતદાર નોંધણી અધિકારી તરીકે કમિશનરશ્રી , રાજકોટ મહાનગરપાલિકા છે . જયારે રાજકોટ મહાનગરપાલિકાની ચુંટણી માટે શહેર ચુંટણી અધિકારી દરજ્જે જીલ્લા કલેકટરશ્રી, રાજકોટ છે. |
| ૨. | મ્યુનિસિપલ મતદાર નોંધણી અધિકારી તરીકે કમિશનરશ્રી , રાજકોટ મહાનગરપાલિકા છે . તેની મદદમાં મદદનીશ મતદાર નોંધણી અધિકારી તરીકે સહાયક કમિશનરશ્રી , ઉપરાંત આસીસ્ટન્ટ મેનેજર કક્ષાના અધિકારી તેમજ હોદ્દાની રૂઇએ ગ્રંથપાલ , નાયબ ચીફ એકાઉટન્ટ, લો-ઓફીસર, લેબર-ઓફીસર, શોપ-ઇન્સ્પેકટર વિગેરે કાર્ય કરે છે . તેઓ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા નિયત કરાયેલ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ દરમ્યાન નમુના "ક" માં આવેલ દાવાઓ /વાંધાઓ તેમજ અન્ય નિયત નમુના મુજબની નામ દાખલ કરવા /કમી કરવા/વોર્ડ ટ્રાન્સફર અરજીઓની જરૂરી ચકાસણી કર્યા બાદ જરૂરી હુકમો કરે છે . આ હુકમોની અસર મહાનગરપાલિકાની પુરવણી યાદી નંબર-૨ માં આપી આ મતદાર યાદી નિયત સમયે પ્રસિધ્ધ કરવામાં આવે છે . આમ આ મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા દરમ્યાન બહોળી પ્રસિધ્ધી કરી લાયક નાગરીકો તેમના મતાધિકારથી વંચીત ન રહે તેની ખાસ કાળજી ચુંટણી શાખા દ્વારા લેવામાં આવે છે. |
| 3. | દર ૧૦ વર્ષ દરમ્યાન ભારત સરકાર તરફથી કરવામાં આવતી વસતિ ગણતરી અન્વયે રાજકોટ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તારની વસતિનાં આંકડાઓ પરથી શહેરી વિકાસ વિભાગ મારફત નિયત કરેલ વોર્ડની કુલ સંખ્યાને રાજકોટ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તારની કુલ વસતિ વડે વિભાજન કરી આવેલ વસતિનાં આંકડાને પ્રત્યેક વોર્ડ રચના કરવા માટે બેઇઝ બનાવી કુદરતી હદરેખાનાં સંદર્ભમાં (વસતિનાં ૧૦% પ્લસ / માઇનસ) કરી રાજકોટ મહાનગરપાલિકાનાં સૂચિત વોર્ડ રચના માટે રાજ્ય ચુંટણી પંચને જરૂરી દરખાસ્ત ચુંટણી શાખા, શહેર ચુંટણી અધિકારી મારફત કરવામાં આવે છે . ત્યારબાદ રાજ્ય ચુંટણી પંચ પ્રાથમિક જાહેરનામું પ્રસિદ્ધ કરી આ અંગે આવેલ રજૂઆત અન્વયે વિચારણા કરી વોર્ડ સીમાંકન અંગે તેમજ અનામત સીટો અંગે વોર્ડની વસતિ આધાર સાથે આખરી આદેશ કરે છે. |

## રાજકોટ મહાનગરપાલિકા

## ચુંટણી શાખા

| | |
|---|---|
| ૪. | રાજકોટ મહાગરપાલિકાની સામાન્ય / પેટા / મધ્યવર્તી ચુંટણીનાં ખર્ચ અંગેની ગ્રાન્ટ અત્રેથી શહેર ચુંટણી અધિકારીશ્રીને ફાળવવામાં આવે છે. |
| ૫. | આ શાખા દ્વારા લગત વિધાનસભાની મતદાર યાદી શહેર / તાલુકા મામલતદાર પાસેથી મેળવી આ યાદી પરથી મહાગરપાલિકાની વોર્ડવાઇઝ મતદારયાદી તૈયાર કરવાની, પ્રાથમિક પ્રસિદ્ધ કરવાની , વાંધા સુચનો નિર્ણય અર્થે મદદનીશ મતદાર નોંધણી અધિકારી તરફ મોકલવાની, આવેલ નિર્ણય પરથી પુરવણી મતદાર યાદી તૈયાર કરવાની કામગીરી કરવામાં આવે છે . તથા મહાનગરપાલિકાની ચુંટણી માટે ચુંટણી સંબંધી સાધન , સામગ્રીની ખરીદી કરવામાં આવે છે. |
| ૬. | ચૂંટાયેલ નગર સેવકશ્રીનું રાજીનામું અથવા અવસાન બાદ , તે વોર્ડની ખાલી પડેલ તે બેઠકની નિયત નમૂનામાં શહેર ચુંટણી અધિકારી તથા રાજ્ય ચુંટણી પંચને માહિતી આપવામાં આવે છે . ત્યારબાદ રાજ્ય ચુંટણી પંચનાં આદેશ મુજબ તે બેઠક માટે ચુંટણીની પ્રક્રિયા કરવામાં આવે છે. |
| ૭. | ધી બી .પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ ની કલમ ૧૩ તેમજ કલમ ૪૦૪ હેઠળ ગેરલાયક ઠરેલ વ્યક્તિઓની માહિતી મહાગરપાલિકાની સામાન્ય / મધ્યવર્તી / પેટા ચુંટણી વખતે સંબંધિત ચુંટણી અધિકારીને માહિતી આપવાની કામગીરી કરવામાં આવે છે. |
| ૮. | મહાનગરપાલિકાની ચુંટણીઓનાં મતદાન માટેનાં વીજાણું મતદાન યંત્રો પુરતી સંખ્યાઓમાં વસાવવાની અને નિભાવવાની કામગીરી કરવામાં આવે છે. |
| ૯. | રાજ્ય ચુંટણી પંચનાં આદેશ અનુસાર અન્ય નગરપાલિકા / મહાનગરપાલિકાની ચુંટણી માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા નિયત થયેલ ભાડા મુજબ વીજાણું મતદાન યંત્રો અત્રેથી ભાડે આપવામાં આવે છે. |
| ૧૦. | રાજ્ય ચુંટણી પંચનાં આદેશ અનુસાર અન્ય મહાનગરપાલિકા પાસેથી ચુંટણી માટે વીજાણું મતદાન યંત્રો અત્રેથી ભાડે લેવામાં આવે છે. |
| ૧૧. | ગૃહ મંત્રાલય, ભારત સરકારનાં વસતિ ગણતરી કાર્યક્રમ દરમ્યાન વસતિ ગણતરી કચેરી , ગાંધીનગરનાં આદેશ અનુસાર રાજકોટ શહેરને સેન્સસ વોર્ડમાં વિભાજન કરી, આ માટે પ્રથમ બ્લોક બનાવવી, વોર્ડ વાઈઝ, સેન્સસ અધિકારીની નિમણુંક કરી વસતિ ગણતરીની કામગીરી ચુંટણી શાખા દ્વારા કરવામાં આવે છે . દર ૧૦ વર્ષે ભારત સરકાર તરફથી કરવામાં આવતી વસતિ ગણતરી રાજકોટ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તાર તેમજ આઉટર ગ્રોથ તરીકે બેડી, વાવડી, મુંજકા, મોટામવા, મનહરપર, માધાપર તેમજ સેન્સસ ટાઉન આણંદપર અને કોઠારીયા વિસ્તારોની કામગીરી પણ ચુંટણી શાખા દ્વારા કરવામાં આવે છે. |

## રાજકોટ મહાનગરપાલિકા

## ચુંટણી શાખા

**૧૨.** ગ્રામ વિકાસ કચેરી , ગુજરાત રાજ્યનાં આદેશ અને માર્ગદર્શન પ્રમાણે સામાજિક -આર્થિક અને જાતિ આધારિત વસતિ ગણતરી-૨૦૧૦ અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તાર વોર્ડ નંબર ૧ થી ૨૩ ની શહેરી વિસ્તાર તરીકે તેમજ આઉટર ગ્રોથ તરીકે બેડી , વાવડી, મુંજકા, મોટામવા, મનહરપર, માધાપર ની ગ્રામ્ય વિસ્તાર તરીકે ટ્રીટ કરી તમામ કામગીરીનું સંકલન ચુંટણી શાખા દ્વારા કરવામાં આવેલ છે. આ તમામ કામગીરી માટે (૧) ગ્રામ વિકાસ કચેરી, ગુજરાત રાજ્ય, (૨) ભારત ઇલેક્ટ્રોનિક લી., (૩) એન.આઇ.સી. તથા (૪) વસતિ ગણતરી વિભાગ, ગુજરાત રાજ્ય સાથે સંકલન કરી તેમજ તેમનાં આદેશ અને માર્ગદર્શન મુજબ આ કામગીરી કરવામાં આવે છે. આ કામ માટે ક્ષેત્રીય માહિતી BEL તરફથી અત્રે કચેરીને ફાળવવામાં આવેલ ટેબ્લેટ પીસીમાં એકત્ર કરી લગત વોર્ડના ચાર્જ સેન્ટર મારફત એન .આઇ.સી. સર્વર પર અપલોડ કરી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે . આ કામે ગણતરીદાર અને ડેટા એન્ટ્રી ઓપરેટરની ટીમ તૈયાર કરી તેમની કામગીરીનું સુપરવાઇઝર દ્વારા ચકાસણી કરાવવાની કામગીરીનું સંકલન કરવામાં આવેલ . એકત્ર કરવામાં આવેલ માહિતીનું ડ્રાફ્ટલીસ્ટ અત્રેની કચેરી જાહેર જનતા માટે પ્રકાશિત કરવામાં આવેલ. પ્રકાશિત કરવામાં આવેલ આ ડ્રાફ્ટલીસ્ટ અન્વયે લોકોના વાંધા , સુધારા કે રહી ગયેલ કુટુંબની ગણતરી કરવાની કામગીરી વિવિધ ફોર્મ દ્વારા સ્વીકારી તે અંગે લગત વોર્ડના ચાર્જ ઓફીસર દ્વારા કરવામાં આવેલ. આ તમામ કામગીરી માટે જરૂરિયાત મુજબનો સ્ટાફ તેમજ આ કામગીરી અન્વયે ગ્રામ વિકાસ કચેરી , ગુજરાત રાજ્યની સુચના મુજબ જરૂરી વ્યવસ્થા કરવાની કામગીરી ચુંટણી શાખા દ્વારા કરવામાં આવે છે.

**૧૩.** અર્થ શાસ્ત્ર અને આંકડા શાસ્ત્ર વિભાગ (બ્યુરો), ગાંધીનગરનાં આદેશ મુજબ ભારતની વસતિ ગણતરી-૨૦૧૧ ની કામગીરી માટે વોર્ડવાઈઝ બ્લોકને બેઇઝ તરીકે લઇ તે ડોર ટુ ડોર આ માહિતી મેળવવા સ્ટાફની નિમણુંક કરી આર્થિક ગણતરીની કામગીરી ચુંટણી શાખા દ્વારા કરવામાં આવે છે.

૧૪. વસતિ ગણતરી આયોગ તરફથી સને-૨૦૧૧ ની વસતિ ગણતરીનાં વસતિનાં આકડા પ્રસિધ્ધ કરવામાં આવેલ. અને રાજકોટ શહેરની ભાગોળે આવેલ કોઠારીયા, તેમજ વાવડી ગામોને રાજય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા રાજકોટની હદમાં ભેળવી સને-૨૦૧૫ માં રાજકોટ મહાનગરપાલિકા નવી વોર્ડ રચના કરવામાં આવેલ. રાજય સરકાર દ્વારા ૫૦% મહિલા અનામત જાહેર કરવામાં આવતા રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર, દ્વારા રાજકોટ શહેરને કુલ-૧૮ વોર્ડમાં વિભાજિત કરી એક વોર્ડ ચાર નગરસેવક પ્રમાણે સામાન્ય ચુંટણી-૨૦૧૫ યોજવામાં આવેલ.

૧૫. સને-૨૦૧૧ થી અલગ-અલગ એજન્સીઓ દ્વારા કરવામાં આવતી આધાર નોંધણીની કામગીરીનું સંચાલન અને દેખરેખ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવે છે. રાજય સરકારનાં આદેશ અન્વયે સને-૨૦૧૬ થી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૩૦ ઓપરેટરોની નિમણુંક કરી રાજકોટ શહેરના નાગરિકોને અને ખાસ કરીને વિધાર્થીઓને, આંગણવાડીનાં બાળકોને સરળતાથી આધાર નોંધણી કરી શકે તે માટે અલગ-અલગ વિસ્તારોમાં, સ્કૂલોમાં, આંગણવાડીઓમાં કેમ્પ યોજી સફળતા પૂર્વક આધાર નોંધણીની કામગીરી કરવામાં આવેલ છે.

## રાજકોટ મહાનગરપાલિકા

## ચુંટણી શાખા

**(૨.૨) જાહેર તંત્રનું મિશન / દુરંદેશીપણું (વિઝન) -**

આ શાખાની ચુંટણી સંબંધી કામગીરી સામાન્ય રીતે ધી બી .પી.એમ.સી.એક્ટ-૧૯૪૯ માં મતદાર નોંધણીનાં નિયમો મુજબ તેમજ મતદારયાદીની સામાન્ય / પેટા / મધ્યવર્તી ચુંટણી સંદર્ભેની કામગીરી રાજ્ય ચુંટણી પંચની, શહેર ચુંટણી અધિકારીની સુચના મુજબ કરવામાં આવે છે.

ગૃહ મંત્રાલય, ભારત સરકારના વસતિ ગણતરી કાર્યક્રમ સને ૨૦૧૧ દરમ્યાન વસતિ ગણતરી કચેરી, ગાંધીનગરનાં આદેશ અનુસાર રાજકોટ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તાર તેમજ આઉટર ગ્રોથ તરીકે બેડી , વાવડી, મુંજકા, મોટામવા, મનહરપર, માધાપર તેમજ સેન્સસ ટાઉન આણંદપર અને કોઠારીયા વિસ્તારોની કામગીરી પણ ચુંટણી શાખા દ્વારા કરવામાં આવેલ છે . આ કામે રાજકોટ મહાનગરપાલિકાના પ્રિન્સીપલ સેન્સસ ઓફિસર અને મ્યુનિસિપલ કમિશનર રાજકોટ મહાનગરપાલિકા કચેરી થી વસતિ ગણતરીદાર સુધીનું સુવ્યવસ્થિત માળખું તૈયાર કરવામાં આવે છે.

સામાજિક-આર્થિક અને જાતિ આધારિત વસતિ ગણતરી -૨૦૧૧ દરમ્યાન ગ્રામ વિકાસ કચેરી , ગુજરાત રાજ્યનાં આદેશ અનુસાર રાજકોટ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તાર તેમજ આઉટર ગ્રોથ તરીકે બેડી, વાવડી, મુંજકા, મોટામવા, મનહરપર, માધાપર વિસ્તારોની કામગીરી પણ ચુંટણી શાખા દ્વારા કરવામાં આવેલ . આ કામે રાજકોટ મહાનગરપાલિકાના પ્રિન્સીપલ સેન્સસ ઓફિસર અને મ્યુનિસિપલ કમિશનર રાજકોટ મહાનગરપાલિકા કચેરી થી વસતિ ગણતરીદાર સુધીનું સુવ્યવસ્થિત માળખું તૈયાર કરવામાં આવેલ.

જયારે આર્થિક ગણતરીની કામગીરી નિયામકશ્રી , અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ (બ્યુરો), ગાંધીનગરના આદેશ અનુસાર રાજકોટ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તાર તેમજ આઉટર ગ્રોથ તરીકે બેડી, વાવડી, મુંજકા, મોટામવા, મનહરપર, માધાપર તથા સેન્સસ ટાઉન આણંદપર અને કોઠારીયા વિસ્તારોની કામગીરી પણ ચુંટણી શાખા દ્વારા કરવામાં આવેલ . આ કામે રાજકોટ મહાનગરપાલિકાના પ્રિન્સીપલ સેન્સસ ઓફિસર અને મ્યુનિસિપલ કમિશનર રાજકોટ મહાનગરપાલિકા કચેરી થી વસતિ ગણતરીદાર સુધીનું સુવ્યવસ્થિત માળખું તૈયાર કરવામાં આવેલ.

જાહેર કરી શકાય તેવી માહિતીનું રેકર્ડકીપિંગ લાંબા સમય માટે ઉપયોગી થાય તે રીતે કરવામાં આવે છે.

## રાજકોટ મહાનગરપાલિકા

## ચુંટણી શાખા

**(૨.૩) જાહેર તંત્રનો ટૂંકો ઇતિહાસ અને તેની રચનાનો સંદર્ભ -**

હાલની રાજકોટ મહાનગરપાલિકા તા .૧૯/૧૧/૧૯૭૩ પહેલા રાજકોટ નગરપાલિકા રૂપે કાર્યરત હતી. ગુજરાત રાજ્યના પંચાયત અને આરોગ્ય ખાતાનાં હુકમ નં .-કે.પી.(૭૨) ૨૫૧ આર.સી.એન.-૪૧૭૨ -૧૯૬૮, તા.૨૭/૧૦/૧૯૭૨ થી મંજુર થયા અનુસાર તા .૧૯/૧૧/૧૯૭૩ થી રાજકોટ મહાનગરપાલિકાનું સર્જન થયું . અને ભૌગોલિક વિસ્તારને ૧૮ વોર્ડમાં વિભાજીત કરવામાં આવ્યો તે સમયે રાજકોટ મહાનગરપાલિકા ભૌગોલિક રીતે ૬૯ ચો .કી.મી. ક્ષેત્રફળમાં પથરાયેલ હતી . તે સમયે સભાસદોની કુલ સંખ્યા ૫૧ હતી.

ત્યારબાદ, ગુજરાત સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અંગ્રેજી નોટીફીકેશન નં .-કે.વી.૨૧-આર.એન./૭૨૮૪/૨૫૭૪/પી., તા.૧૨/૦૨/૧૯૮૫ અનુસાર વોર્ડની પુનઃરચના કરવામાં આવેલ છે. તે અનુસાર ૧૮ વોર્ડ અને સભાસદોની સંખ્યા ૫૯ ની નિયત થયેલ હતી.

દરમ્યાન રાજ્ય ચુંટણી પંચ તા .૧૮/૦૩/૧૯૯૪ થી જાહેરનામાં ક્રમાંક : વરચ/૧૦૯૪ થી રાજકોટ શહેરનાં વોર્ડ નં.-૧ થી ૨૦ નું સીમાંકન નક્કી કરવામાં આવેલ હતું.

રાજ્ય સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામાં : કે.વી./૬૮/૧૯૮/આર.એમ.એન./૮૦૯૫-૩૧૨૦-પી., તા.૧૭/૦૬/૧૯૯૮ થી રાજકોટ શહેરની હદ્દ વધારી રૈયા , નાનામવા અને મવડીના વિસ્તારોને રાજકોટ મહાનગરપાલિકાને સોંપી દેવામાં આવ્યા છે . ત્યારબાદ રાજ્ય ચુંટણી પંચનાં જાહેરનામાં ક્રમાંક : વરચ / ૧૦૯૪ / રજક, તા.૨૧/૦૪/૨૦૦૦ થી નવા વિસ્તારોને વોર્ડ નં.-૨૧, ૨૨ અને ૨૩ નાં સીમાંકન નક્કી કરી તેમાં આવરી લેવામાં આવ્યા . જે આવરી લેતા રાજકોટ મહાનગરપાલિકાનો વિસ્તાર ૧૦૪ .૮૬ ચો.કી.મી. થયેલ છે. કુલ સભ્યોની સંખ્યા ૬૯ અને કુલ વોર્ડની સંખ્યા ૨૩ થયેલ છે.

રાજ્ય ચુંટણી પંચના ક્રમાંક : રાચપ/ચટણ/સમક/મનપા/રાજકોટ-૨૦૦૫, તા.૦૩/૦૮/૨૦૦૫ થી શહેરના વોર્ડની વસતિ આધારિત પુનઃરચના કરવાનું મંજુર થયેલ છે . વોર્ડ તેમજ સભ્ય સંખ્યામાં ફેરફાર થયેલ નથી. આમ આ જાહેરનામાં મુજબ કુલ - ૨૩ વોર્ડ અને દરેક વોર્ડ દીઠ ૩ બેઠકો ગણતા કુલ - ૬૯ સભ્યોની સંખ્યા થાય છે.

રાજય ચુંટણી આયોગનાં તા.૨૭/૦૫/૨૦૧૫ નાં આદેશ ક્રમાંક: રાચપ/ચટણ/ સમક/ મનપા/રાજકોટ-યુનિટ-૫-૫૨૦૧૫ થી રાજકોટ મહાનગરપાલિકાની નવી વોર્ડ રચના મુજબ વોર્ડ વાઈઝ સભ્ય સંખ્યા અને અનામત બેઠકો અંગેની વિગતો નીચે મુજબ પત્રક - ૨ માં દર્શાવેલ છે.

વિધાન સભા ૬૮ -રાજકોટ-પૂર્વ, ૬૯-રાજકોટ-પશ્ચિમ, ૭૦-રાજકોટ-દક્ષિણ તથા ૭૧ -રાજકોટ-ગ્રામ્ય(અ.જા.) માટે તારીખ ૦૧ /૦૧/૨૦૧૫ની સ્થિતિએ મતદારયાદી પ્રસિદ્ધ કરેલ . આ મતદારયાદીને રાજકોટ મહાનગરપાલિકાનાં વોર્ડ નંબર ૧ થી ૧૮ માં વિભાજન કરી, વોર્ડ વાઈઝ મતદારયાદી તૈયાર કરી, તા.૨૭/૦૮/૨૦૧૫નાં રોજ પ્રાથમિક પ્રસિદ્ધ કરેલ.

આ પ્રાથમિક પ્રસિદ્ધિનાં નમુનો - 'ક' મુજબ વોર્ડ વાઈઝ કુલ મતદારોની વિગત નીચે મુજબ પત્રક-૩ માં દર્શાવેલ છે. ત્યાર બાદ આ વિસ્તાર માટે તારીખ ૦૧ /૦૧/૨૦૧૫ ની સ્થિતિએ ફોટાવાળી મતદારયાદી પ્રસિદ્ધ કરેલ છે.

## (૨.૩) જાહેર તંત્રનો ટૂંકો ઇતિહાસ અને તેની રચનાનો સંદર્ભ - (કન્ટીન્યુ)

ગૃહ મંત્રાલય, ભારત સરકાર અને વસતિ ગણતરી કચેરી , ગાંધીનગર, ગુજરાત રાજ્ય દ્વારા દર ૧૦ વર્ષે વસતિ ગણતરી કાર્યક્રમ કરવામાં આવે છે. વસતિ ગણતરી કાર્યક્રમ સને ૨૦01 દરમ્યાન રાજકોટ મહાનગરપાલિકાનાં હદની અંદરનાં વિસ્તારો તેમજ શહેરની હદને અડીને આવેલ વિસ્તારો આઉટર ગ્રોથ તરીકે બેડી , વાવડી, મોટામવા, મુંજકા, મનહરપુર, માધાપર તથા સેન્સસ ટાઉન-આણંદ પર અને કોઠારીયા(પાર્ટ)નાં વિસ્તારોની વસતિ ગણતરીનાં તમામ કર્યો ચુંટણી શાખા દ્વારા કરવામાં આવેલ . આ કામે રાજકોટ મહાનગરપાલિકાના પ્રિન્સીપલ સેન્સસ ઓફિસર અને મ્યુનિસિપલ કમિશનર રાજકોટ મહાનગરપાલિકા થી વસતિ ગણતરીદાર સુધીનું સુવ્યવસ્થિત માળખું તૈયાર કરવામાં આવેલ . આ માળખામાં ૧-પ્રિન્સીપલ સેન્સસ ઓફિસર હોદ્દાની રૂઇએ મ્યુનિસિપલ કમિશનર , રાજકોટ મહાનગરપાલિકા, ૧-સેન્સસ ઓફિસર હોદ્દાની રૂઇએ નાયબ મ્યુનિસિપલ કમિશનર , રાજકોટ મહાનગરપાલિકા , ૧-વસતિ ગણતરી અધિકારી, ૨૪-ચાર્જ ઓફિસર તેમજ આશરે ૨૭૦૦ ગણતરીદરો અને સુપરવાઈઝરો વચ્ચે સરળ સાંકળ બનાવી આ માળખા દ્વારા રાજકોટ શહેરને કુલ ૨૪ વોર્ડમાં વિભાજીત કરી આઉટગ્રોથ એરિયા સહીત રાજકોટ શહેરની વસતિ ગણતરી કરવામાં આવેલ છે . આ વસતિ ગણતરીની માહિતી નીચે મુજબ પત્રક -૧ માં દર્શાવેલ છે.

કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ યોજનાઓના આયોજન માટે આંકડાકીય માહિતી મેળવવા માટે આર્થિક ગણતરીનું અભિયાન નિયામકશ્રી , અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ (બ્યુરો), ગાંધીનગરનાં આદેશ અનુસાર ચુંટણી શાખા દ્વારા રાજકોટ શહેરી વિસ્તારની આર્થિક ગણતરી કરવામાં આવે છે . હાલ ૬ઠ્ઠી આર્થિક ગણતરીની કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરી માટે કામે ભારતની વસતિ ગણતરી-૨૦૧૧ અન્વયે રાજકોટ મહાનગરપાલિકાના ૧ થી ૨૩ વોર્ડ , આઉટગ્રોથ વિસ્તારના વોર્ડ ૨૪ થી ૨૯ તથા સેન્સસ ટાઉન આણંદપર અને કોઠારીયા ગામવાઈઝ નિયત કરાયેલ બ્લોક મૂળ બેઇઝ તરીકે લેવામાં આવેલ છે . આ કામગીરી માટે કુલ ૨૫૭૦ બ્લોક માટે વોર્ડ /વિસ્તાર વાઈઝ કુલ ૩૧ ચાર્જ ઓફિસરની નિમણુક કરવામાં આવેલ છે. આ ચાર્જ ઓફિસર દ્વારા તેમના ચાર્જમાં નિરીક્ષકો તથા ગણતરીદારોની નિમણુક કરવામાં આવેલ છે. આ કામે કુલ ૮૬૮ ગણતરીદારો , ૧૦૧ રીઝર્વ ગણતરીદારો , ૪૪૦ સુપરવાઈઝર તથા ૬૧ રીઝર્વ સુપરવાઈઝર, એમ કુલ ૧૪૭૦ નિમણુક કરવામાં આવેલ છે.

સામાજિક-આર્થિક અને જાતિ આધારિત વસતિ ગણતરી -૨૦૧૧ દરમ્યાન ગ્રામ વિકાસ કચેરી , ગુજરાત રાજ્ય નાં આદેશ અનુસાર રાજકોટ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વોર્ડ નં .૧ થી ૨૩ નાં વિસ્તાર તેમજ આઉટરગ્રોથ તરીકે બેડી, વાવડી, મુંજકા, મોટામવા, મનહરપર અને માધાપર વિસ્તારોની કામગીરી માટે ૨૯ ચાર્જ ઓફીસરની નિમણુંક કરવાની અને તેમના મારફત સુપરવાઈઝર અને ગણતરીદાર સાથે સંકલન કરવાની તમામ કમગીરી ચુંટણી શાખા દ્વારા કરવામાં આવેલ છે . આ કામે રાજકોટ મહાનગરપાલિકાના પ્રિન્સીપલ સેન્સસ ઓફિસર અને મ્યુનિસિપલ કમિશનર રાજકોટ મહાનગરપાલિકા કચેરી થી વસતિ ગણતરીદાર સુધીનું સુવ્યવસ્થિત માળખું તૈયાર કરવામાં આવે છે.

# રાજકોટ મહાનગરપાલિકા

# ચુંટણી શાખા

## (૨.૩) અન્વયેનું પત્રક-૧ ::-

ગૃહમંત્રાલય, ભારત સરકારના વસતિ ગણતરી વિભાગ દ્વારા વસતિ ગણતરી-૨૦૧૧ માં જે આંકડાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ તે આધારે રાજકોટ મહાનગરપાલિકાનાં વોર્ડ નંબર-૧ થી ૨૩ ની કુલ વસતિ તેમજ આઉટ ગ્રોથ વિસ્તારની કુલ વસતિ

Population_2011

| Name | TRU | TOT_P | TOT_M | TOT_F | P_SC | M_SC | F_SC | P_ST | M_ST | F_ST |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Rajkot (M Corp. + OG) WARD NO.-001 | Urban | 76424 | 39696 | 36728 | 6765 | 3538 | 3227 | 1533 | 772 | 761 |
| Rajkot (M Corp. + OG) WARD NO.-002 | Urban | 54854 | 28069 | 26785 | 1440 | 741 | 699 | 623 | 323 | 300 |
| Rajkot (M Corp. + OG) WARD NO.-003 | Urban | 51696 | 26488 | 25208 | 6949 | 3511 | 3438 | 604 | 331 | 273 |
| Rajkot (M Corp. + OG) WARD NO.-004 | Urban | 40398 | 20827 | 19571 | 3678 | 1839 | 1839 | 609 | 320 | 289 |
| Rajkot (M Corp. + OG) WARD NO.-005 | Urban | 74434 | 39296 | 35138 | 7302 | 3697 | 3605 | 175 | 90 | 85 |
| Rajkot (M Corp. + OG) WARD NO.-006 | Urban | 58686 | 30902 | 27784 | 2026 | 1028 | 998 | 157 | 75 | 82 |
| Rajkot (M Corp. + OG) WARD NO.-007 | Urban | 39088 | 20597 | 18491 | 1989 | 1035 | 954 | 276 | 143 | 133 |
| Rajkot (M Corp. + OG) WARD NO.-008 | Urban | 35097 | 18222 | 16875 | 1039 | 554 | 485 | 23 | 15 | 8 |
| Rajkot (M Corp. + OG) WARD NO.-009 | Urban | 44118 | 23093 | 21025 | 2566 | 1290 | 1276 | 1081 | 536 | 545 |
| Rajkot (M Corp. + OG) WARD NO.-010 | Urban | 44897 | 22754 | 22143 | 808 | 437 | 371 | 65 | 30 | 35 |
| Rajkot (M Corp. + OG) WARD NO.-011 | Urban | 52800 | 27261 | 25539 | 662 | 344 | 318 | 500 | 271 | 229 |
| Rajkot (M Corp. + OG) WARD NO.-012 | Urban | 74369 | 38629 | 35740 | 2072 | 1077 | 995 | 1213 | 637 | 576 |
| Rajkot (M Corp. + OG) WARD NO.-013 | Urban | 95917 | 50855 | 45062 | 6560 | 3393 | 3167 | 536 | 304 | 232 |
| Rajkot (M Corp. + OG) WARD NO.-014 | Urban | 47450 | 24987 | 22463 | 8483 | 4417 | 4066 | 258 | 139 | 119 |
| Rajkot (M Corp. + OG) WARD NO.-015 | Urban | 39496 | 20566 | 18930 | 1603 | 805 | 798 | 36 | 19 | 17 |
| Rajkot (M Corp. + OG) WARD NO.-016 | Urban | 44421 | 23511 | 20910 | 11877 | 6095 | 5782 | 1690 | 888 | 802 |
| Rajkot (M Corp. + OG) WARD NO.-017 | Urban | 60994 | 32918 | 28076 | 4714 | 2481 | 2233 | 255 | 149 | 106 |
| Rajkot (M Corp. + OG) WARD NO.-018 | Urban | 53863 | 28775 | 25088 | 1538 | 799 | 739 | 49 | 24 | 25 |
| Rajkot (M Corp. + OG) WARD NO.-019 | Urban | 48910 | 24881 | 24029 | 261 | 134 | 127 | 204 | 105 | 99 |
| Rajkot (M Corp. + OG) WARD NO.-020 | Urban | 46503 | 24288 | 22215 | 365 | 147 | 218 | 86 | 43 | 43 |
| Rajkot (M Corp. + OG) WARD NO.-021 | Urban | 80991 | 43362 | 37629 | 8095 | 4232 | 3863 | 290 | 149 | 141 |
| Rajkot (M Corp. + OG) WARD NO.-022 | Urban | 56622 | 29908 | 26714 | 450 | 247 | 203 | 765 | 384 | 381 |
| Rajkot (M Corp. + OG) WARD NO.-023 | Urban | 64650 | 34470 | 30180 | 1806 | 943 | 863 | 160 | 83 | 77 |
| | | 1286678 | 674355 | 612323 | 83048 | 42784 | 40264 | 11188 | 5830 | 5358 |
| Bedi (OG) WARD NO.-0024 | Urban | 4455 | 2273 | 2182 | 440 | 225 | 215 | 19 | 11 | 8 |
| Vavdi (OG) WARD NO.-0025 | Urban | 5720 | 3062 | 2658 | 716 | 385 | 331 | 28 | 17 | 11 |
| Mota Mava (OG) WARD NO.-0026 | Urban | 5759 | 2985 | 2774 | 1451 | 760 | 691 | 14 | 5 | 9 |
| Munjka (OG) WARD NO.-0027 | Urban | 3483 | 1816 | 1667 | 26 | 14 | 12 | 0 | 0 | 0 |
| Manharpur (OG) WARD NO.-0028 | Urban | 2232 | 1124 | 1108 | 125 | 65 | 60 | 0 | 0 | 0 |
| Madhapar (OG) WARD NO.-0029 | Urban | 15036 | 7858 | 7178 | 459 | 240 | 219 | 274 | 127 | 147 |
| | | 36685 | 19118 | 17567 | 3217 | 1689 | 1528 | 335 | 160 | 175 |
| Anandpar (CT) WARD NO.-0001 | Urban | 13483 | 7103 | 6380 | 233 | 122 | 111 | 3 | 1 | 2 |
| Kotharia (CT) WARD NO.-0001 | Urban | 53794 | 29186 | 24608 | 1363 | 703 | 660 | 194 | 109 | 85 |
| | | 67277 | 36289 | 30988 | 1596 | 825 | 771 | 197 | 110 | 87 |
| | | | | | | | | | | |
| | | 1390640 | 729762 | 660878 | 87861 | 45298 | 42563 | 11720 | 6100 | 5620 |

# રાજકોટ મહાનગરપાલિકા
## ચુંટણી શાખા

### અનુસુચિ-૨
### રાજ્ય ચુંટણી પંચ
### ગુજરાત રાજ્ય,
### સચિવાલય, ગાંધીનગર

| | | |
|---|---|---|
| રાજકોટ મહાનગરપાલિકાની સને -૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતી | ૧૩,૪૬,૧૯૨ | |
| કુલ વોર્ડની સંખ્યા | ૧૮ | |
| વોર્ડ દીઠ સરેરાશ વસતિ | ૭૪,૭૮૮ | સરેરાશ વસતિનાં ૧૦% વધ મુજબ – ૮૨,૨૬૭<br>સરેરાશ વસતિનાં ૧૦% ઘટ મુજબ – ૬૭,૩૦૯ |
| બેઠકની સંખ્યા | ૭૨ | |
| કુલ સ્ત્રી બેઠકો | ૩૬ | |
| અનુસુચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા. | ૫ | તે પૈકી ૨ બેઠકો અનુસૂચિત જાતિ સ્ત્રી |
| અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૧ | તે પૈકી -- બેઠકો અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા | ૭ | તે પૈકી ૩ બેઠકો પછાતવર્ગ સ્ત્રી |
| કુલ અનામત બેઠકો | ૪૪ | |
| સામન્ય બેઠકો | ૨૮ | |

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત | ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૬ |
| ૧ | ૧ | ૭૪૨૯૦ | પછાત વર્ગ | સામાન્ય | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય |
| ૨ | ૨ | ૭૦૧૪૩ | પછાત વર્ગ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૩ | ૩ | ૭૪૩૩૫ | અનુસૂચિતજાતિ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૪ | ૪ | ૭૨૨૮૭ | અનુસૂચિતજાતિ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૫ | ૫ | ૭૦૫૮૩ | સામાન્ય | સામાન્ય | પછાત વર્ગ | સામાન્ય |
| ૬ | ૬ | ૬૯૨૩૯ | સામાન્ય | પછાતવર્ગ | પછાત વર્ગ | સામાન્ય |
| ૭ | ૭ | ૮૦૦૧૬ | સામાન્ય | સામાન્ય | પછાત વર્ગ | સામાન્ય |
| ૮ | ૮ | ૭૮૮૬૬ | સામાન્ય | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૯ | ૯ | ૭૬૨૭૦ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૧૦ | ૧૦ | ૭૪૫૨૭ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૧૧ | ૧૧ | ૭૩૨૯૭ | પછાત વર્ગ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૧૨ | ૧૨ | ૭૪૧૯૦ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૧૩ | ૧૩ | ૮૦૫૭૦ | સામાન્ય | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૧૪ | ૧૪ | ૭૭૬૨૫ | સામાન્ય | સામાન્ય | પછાત વર્ગ | સામાન્ય |
| ૧૫ | ૧૫ | ૬૭૮૫૭ | સામાન્ય | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૧૬ | ૧૬ | ૭૪૭૦૧ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૧૭ | ૧૭ | ૭૮૭૩૯ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૧૮ | ૧૮ | ૭૮૬૫૭ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| | કુલ | ૧૩૪૬૧૯૨ | | | | |

(મહેશ .એસ.શાહ)
સચિવ
રાજ્ય ચુંટણી પંચ
ગાંધીનગર

# રાજકોટ મહાનગરપાલિકા
## ચુંટણી શાખા

**(૨.૩) અન્વયેનું પત્રક-૩ ::-**

| રાજકોટ મહાનગરપાલિકાની સને-૨૦૧૫ ની મૂળ મતદારયાદીની આખરી પ્રસિધ્ધિનાં નમૂનો-ખ મુજબ વોર્ડવાઈઝ કુલ મતદારોની વિગત દર્શાવતું પત્રક | | | | |
|---|---|---|---|---|
| વોર્ડ નંબર | કુલ ભાગ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| ૦૧ | ૧ થી ૬૬ | ૨૬૦૨૨ | ૨૩૪૨૩ | ૪૯૪૪૫ |
| ૦૨ | ૧ થી ૬૭ | ૨૫૬૧૧ | ૨૫૦૯૪ | ૫૦૭૦૫ |
| ૦૩ | ૧ થી ૭૨ | ૨૭૯૭૪ | ૨૬૧૦૫ | ૫૪૦૭૯ |
| ૦૪ | ૧ થી ૫૨ | ૨૧૯૮૫ | ૧૮૯૭૪ | ૪૦૯૫૯ |
| ૦૫ | ૧ થી ૬૧ | ૨૩૦૧૭ | ૨૦૮૦૮ | ૪૨૮૨૫ |
| ૦૬ | ૧ થી ૫૯ | ૨૩૨૨૦ | ૨૦૨૬૬ | ૪૩૪૮૬ |
| ૦૭ | ૧ થી ૭૯ | ૨૮૮૩૦ | ૨૮૨૪૯ | ૫૭૦૭૯ |
| ૦૮ | ૧ થી ૭૯ | ૨૯૬૧૦ | ૨૮૯૨૮ | ૫૮૫૩૮ |
| ૦૯ | ૧ થી ૬૭ | ૨૬૨૨૯ | ૨૪૮૯૩ | ૫૧૧૨૨ |
| ૧૦ | ૧ થી ૭૦ | ૨૬૧૮૨ | ૨૫૬૨૧ | ૫૧૮૦૩ |
| ૧૧ | ૧ થી ૫૯ | ૨૨૬૨૧ | ૨૦૪૮૯ | ૪૩૧૧૦ |
| ૧૨ | ૧ થી ૫૯ | ૨૩૦૭૦ | ૨૦૪૯૧ | ૪૩૫૬૧ |
| ૧૩ | ૧ થી ૭૫ | ૨૭૧૬૬ | ૨૫૦૫૫ | ૫૨૨૨૧ |
| ૧૪ | ૧ થી ૭૨ | ૨૮૬૧૧ | ૨૭૪૮૯ | ૫૬૧૦૦ |
| ૧૫ | ૧ થી ૫૬ | ૨૩૧૨૫ | ૧૯૬૮૮ | ૪૨૮૧૩ |
| ૧૬ | ૧ થી ૬૩ | ૨૫૨૦૫ | ૨૨૯૫૯ | ૪૮૧૬૪ |
| ૧૭ | ૧ થી ૬૯ | ૨૭૯૩૩ | ૨૫૯૬૩ | ૫૩૮૯૬ |
| ૧૮ | ૧ થી ૬૨ | ૨૪૮૬૪ | ૨૧૫૦૯ | ૪૬૩૭૩ |
| કુલ મતદારો - | | ૪૬૧,૨૭૫ | ૪૨૬,૦૦૪ | ૮૮૭,૨૭૯ |

## રાજકોટ મહાનગરપાલિકા
## ચુંટણી શાખા

**(૨.૪) જાહેર તંત્રની ફરજો -**

ચુંટણી શાખાની મુખ્ય ફરજ ધી બી .પી.એમ.સી.એક્ટ-૧૯૪૯ ની કલમ -૬૩ હેઠળ કરેલ જોગવાઈ અનુસાર "ફરજીયાત ફરજો" પૈકી મતદાર નોંધણી નિયમો -૧૯૯૪ અન્વયે રાજ્ય ચુંટણી પંચની જોગવાઈ મુજબ મતદારયાદી તૈયાર કરવાની છે.

ગૃહ મંત્રાલય , ભારત સરકારનાં વસતિ ગણતરી કાર્યક્રમ અંતર્ગત વસતિ ગણતરી કચેરી , ગાંધીનગરના આદેશ અનુસાર રાજકોટ શહેર વિસ્તારની વસતિ ગણતરીની તમામ કામગીરી ચુંટણી શાખા દ્વારા કરવાની ફરજ સોંપાય છે.

ગ્રામ વિકાસ કચેરી, ગુજરાત રાજ્યનાં આદેશ અનુસાર રાજકોટ શહેર વિસ્તારની સામાજિક -આર્થિક અને જાતિ આધારિત વસતિ ગણતરી કરવાની તમામ કામગીરી ચુંટણી શાખા દ્વારા કરવાની ફરજ સોંપાય છે.

આર્થિક ગણતરીની કામગીરી નિયામકશ્રી , અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર (બ્યુરો), ગાંધીનગરની સુચના મુજબ રાજકોટ શહેર વિસ્તારની આર્થિક ગણતરીની તમામ કામગીરી ચુંટણી શાખા દ્વારા કરવાની ફરજ સોંપાય છે.

**(૨.૫) જાહેર તંત્રની મુખ્ય પ્રવૃત્તિઓ અને કર્યો -**

આ કચેરીની ચુંટણી શાખાની પ્રવૃત્તિઓ અને કર્યો પર (૨.૧) માં દર્શાવ્યા મુજબની છે . ઉપરાંત મતદાર નોંધણી નિયમો -૧૯૯૪ અન્વયે મતદારયાદીઓ રાજ્ય ચુંટણી પંચની સુચના મુજબ તૈયાર કરવી ઉપરાંત ચુંટણીને લગત વખતોવખતની કામગીરી અને સાહિત્ય ઉપલબ્ધ રાખવું.

ગૃહ મંત્રાલય , ભારત સરકારનાં વસતિ ગણતરી કાર્યક્રમ અંતર્ગત વસતિ ગણતરી કચેરી , ગાંધીનગરના આદેશ અનુસાર રાજકોટ શહેર વિસ્તારની વસતિ ગણતરીની તમામ કામગીરી ચુંટણી શાખા દ્વારા કરવામાં આવે છે.

આર્થિક ગણતરીની કામગીરી નિયામકશ્રી , અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર (બ્યુરો), ગાંધીનગરની સુચના મુજબ રાજકોટ શહેર વિસ્તારની આર્થિક ગણતરીની તમામ કામગીરી ચુંટણી શાખા દ્વારા કરવામાં આવે છે.

## રાજકોટ મહાનગરપાલિકા
## ચુંટણી શાખા

**(૨.૬) જાહેર તંત્ર દ્વારા આપવામાં આવતી સેવાઓની યાદી અને તેનું સંક્ષિપ્ત વિવરણ -**

રાજ્ય ચુંટણી પંચની સુચના મુજબ વખતોવખતની મતદારયાદી પ્રસિદ્ધ કરવી તથા જાહેર જનતા / રાજકીય પક્ષો માટે ઉપલબ્ધ રાખવી.

ગૃહ મંત્રાલય , ભારત સરકારનાં વસતિ ગણતરી કાર્યક્રમ અંતર્ગત વસતિ ગણતરી કચેરી , ગાંધીનગરના આદેશ અનુસાર રાજકોટ શહેર વિસ્તારની વસતિ ગણતરીનાં આંકડા જાહેર જનતા માટે ઉપલબ્ધ રાખવી.

## રાજકોટ મહાનગરપાલિકા
## ચુંટણી શાખા

**(૨.૭) જાહેર તંત્રનાં રાજ્ય, નિયામક કચેરી, પ્રદેશ જીલ્લો, બ્લોક વગેરે સ્તરોએ સંસ્થાગત માળખાનો આલેખ -**

રાજકોટ મહાનગરપાલિકા
ચુંટણી શાખા

મ્યુનિસિપલ કમિશનર
(મતદાર નોંધણી અધિકારી હોદ્દાની રૂઈએ)

↓

નાયબ મ્યુનિસિપલ કમિશનર

↓

આસિસ્ટન્ટ મેનેજર, ચૂંટણી શાખા

↓

- એકાઉન્ટન્ટ કમ સિનીયર કલાર્ક-૧
- જુનીયર ડેટા એન્ટ્રી ઓપરેટર-૧
- જુનિયર કલાર્ક - ૩
- ડ્રાઈવર-૧

↓

મજુર-૧ અને પટ્ટાવાળા-૨

**(૨.૮) જાહેર તંત્રની અસરકારકતા અને કાર્યક્ષમતા વધારવા માટે લોકો પાસેથી અપેક્ષા -**

આદર્શ લોકશાહીનો આધાર લોકજાગૃતિ પર નિર્ધારિત છે . આ માટે લાયકાત ધરાવતા તમામ નાગરિક તેમના મતાધિકારનો ઉપયોગ કરે તે જરૂરી છે . આ માટે મહાનગરપાલિકા દ્વારા જયારે -જયારે મતદારયાદી સુધારણા કાર્યક્રમ જાહેર થાય ત્યારે સમગ્ર મતદારો તેમના નામ આ યાદીમાં છે કે કેમ તેની ચકાસણી કરે અને જો ન હોય તો નામ ઉમેરવા નિયત મર્યાદામાં નિયત નમુનામાં જરૂરી પુરાવા સાથે અરજી કરે અને ચુંટણી સમયે મતદાન કરી પ્રજા ધર્મ અદા કરે , તેમજ વસતિ ગણતરી અને આર્થિક ગણતરી વખતે ગણતરીદારને સાચી માહિતી આપી સહયોગ આપે.

## રાજકોટ મહાનગરપાલિકા
## ચુંટણી શાખા

**(૨.૯) લોક સહયોગ મેળવવા માટેની ગોઠવણ અને પદ્ધતિઓ -**

અખબારી જાહેરાત દ્વારા, પત્રિકા વિતરણ દ્વારા, હોર્ડીંગ દ્વારા અને અખબારીયાદી દ્વારા શહેરીજનોને મતદારયાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત જરૂરી દાવા / સુચનો / વાંધા રજુ કરવા જણાવવામાં આવે છે. વોર્ડ ઓફિસે, ઝોન ઓફિસે તેમજ મુખ્ય કચેરીએ મતદારયાદી પ્રસિદ્ધિ કરી તેની ચકાસણી માટે ઉપલબ્ધ કરવામાં આવે છે તેમજ મતદારયાદીની પ્રસિદ્ધિ બાદ મતદારયાદીની કોમ્પ્યુટરાઇઝડ હેલ્પ લાઇનની વ્યવસ્થા કરવામાં આવે છે.

**(૨.૧૦) સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરિયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્ર -**

ચુંટણી શાખા અંતર્ગત સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરિયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્રની વિગત પારા -(૨.૭) માં દર્શાવ્યા આલેખ મુજબ ચુંટણી શાખા ખાતે સ્ટાફ , આસિસ્ટન્ટ મેનેજર, સહાયક મ્યુનિસિપલ કમિશનર, નાયબ મ્યુનિસિપલ કમિશનર અને મ્યુનિસિપલ કમિશનર છે.

**(૨.૧૧) મુખ્ય કચેરી અને જુદા-જુદા સ્તરોએ આવેલી અન્ય કચેરીનાં સરનામાં -**

રાજકોટ મહાનગરપાલિકા
ચુંટણી શાખા,
રૂમ નં.૧૧, ત્રીજો માળ, ડો. આંબેડકર ભવન,
ઢેબરભાઈ રોડ, રાજકોટ
ફોન નંબર - (૦૨૮૧) ૨૨૨૧૬૪૦ ફેક્સ - (૦૨૮૧) ૨૨૨૧૫૩૨
ઈમેઈલ - election@rmc.gov.in

**(૨.૧૨) કચેરી શરૂ અને બંધ થવાનો સમય -**

ચુંટણી શાખા શરૂ અને બંધ થવાનો સમય નીચે મુજબ છે.

- સવારે ૧૦.૩૦ કલાક થી બપોરે ૦૨.૦૦ કલાક સુધી અને
- બપોરે ૦૨.૩૦ કલાક થી સાંજે ૦૬.૧૦ કલાક સુધી

## રાજકોટ મહાનગરપાલિકા
## ચુંટણી શાખા

**⁕ પ્રકરણ - ૩ (નિયમ સંગ્રહ-૨) ⁕**
**અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો**

### (૩.૧) સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજોની વિગતો -

❖ **આસીસ્ટન્ટ મેનેજર, ચૂંટણી શાખા**

- **સત્તાઓ વહિવટી**
  1. ચુંટણી શાખા હસ્તકની કામગીરી માટે સક્ષમ સત્તાધિકારીની મજુરીથી રૂપિયા ૧,000/- થી વધુનાં ખર્ચ માટે ખર્ચ મંજૂરી અન્વયે નિયત બીલ ફોર્મમાં બીલ રજુ કરવાની સત્તા.
  2. આ શાખા નાં તાબા હેઠળનાં કર્મચારીઓને પરચુરણ રજા મંજુર કરવાની સત્તા.
  3. સ્ટેશનરીની જરૂરિયાત ઉપસ્થિત થયે સેન્ટ્રલ સ્ટોર્સમાંથી સ્ટેશનરી મેળવવાની માંગણી પત્રકમાં સહી કરવાની સત્તા.

- **સત્તાઓ નાણાંકીય**
  1. રૂપિયા ૧,000/- થી સુધીનું ખર્ચ મંજુર કરવાની સત્તા.

- **સત્તાઓ અન્ય**
  1. કોઈ અન્ય સત્તાઓ એનાયત થયેલ નથી.

- **ફરજો**
  1. પારા (૨.૧)માં દર્શાવેલ કામગીરી પૂર્ણ કરવાની ફરજો.
  2. મતદારયાદી તૈયાર કરવાની ચુંટણી સંબંધિત કામગીરી.
  3. વસતિ ગણતરી અને આર્થિક ગણતરી જેવી સમયમર્યાદામાં કામગીરી.
  4. ઉચ્ચ અધિકારીશ્રી તરફથી સુપરત થતી અન્ય કામગીરી.

## રાજકોટ મહાનગરપાલિકા

## ચુંટણી શાખા

❖ **એકાઉન્ટન્ટ કમ સિનીયર કલાર્ક : (૧) શ્રી ભાવનાબેન બી. જોષી**

➢ **સત્તાઓ વહિવટી**

૧. કોઈ સત્તાઓ એનાયત થયેલ નથી.

➢ **સત્તાઓ નાણાંકીય**

૧. કોઈ સત્તાઓ એનાયત થયેલ નથી.

➢ **સત્તાઓ અન્ય**

૧. મદદનીશ માહિતી અધિકારી તરીકે

➢ **ફરજો**

૧. ગૃહ મંત્રાલય, ભારત સરકાર દ્વારા યોજવામાં આવતા વસતિ ગણતરી કાર્યક્રમ તથા આર્થિક ગણતરી કાર્યક્રમ દરમ્યાન આ કામે કાર્યરત સ્ટાફ વચ્ચે સંકલન કરવાની કામગીરી તેમજ આ કામ આનુસંગિક કામગીરી.

૨. વસતિ ગણતરી કાર્યક્રમ બાદ વસતિનાં આંકડા મુજબ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર દ્વારા સુચવેલ વોર્ડવાઈઝ આંકડા અને વોર્ડની સંખ્યા મુજબ વોર્ડ સીમાંકન લગત કાર્યવાહી.

૩. ચુંટણી શાખા ના પત્ર/પરિપત્ર/હુકમો ઇનવર્ડ-જાવક ની કામગીરી.

૪. ચુંટણી શાખા ના પત્ર/પરિપત્ર/હુકમો કોમ્પ્યુટરમાં ટાઈપ કરવાની કામગીરી.

૫. વિધાન સભાની મતદારયાદી પરથી રાજકોટ મહાનગરપાલિકાનાં વોર્ડવાઈઝ મતદારયાદી બનાવવા લગત કામગીરી.

૬. સામાન્ય ચુંટણી /મધ્યવર્ગી ચુંટણી /પેટા ચુંટણી માટે મતદાન મથકો ગોઠવવાની કામગીરી અને માર્કકોપી તૈયાર કરવાની કામગીરી.

૭. મતદારયાદીનાં આનુસંગિક પત્રકો જેવાકે નમુના નંબર -૧, નમુના નંબર-૨ ઉપરાંત નમુનો-'ક' તથા નમુનો-'ખ' વિગેરે તૈયાર કરાવવાની કામગીરી.

૮. ચુંટણી શાખા હસ્તક ઇ.વી.એમ.સ્ટ્રોંગ રૂમ ખાતે કામગીરી.

૯. અત્રે શાખા લગત કોમ્પ્યુટરાઈઝ શાખા બીલ બનાવવાની કામગીરી.

૧૦. આધારકાર્ડ લગત તમામ આનુષંગિક કામગીરી.

૧૧. ચુંટણી શાખાને લગત તમામ આનુસંગિક જરૂરી ખર્ચ મંજુરી લગત ફાઈલ તથા અન્ય જરૂરી ફાઈલો તૈયાર કરવાની કામગીરી.

૧૨. આસિસ્ટન્ટ મેનેજર, ચુંટણી શાખા તથા ઉપરી અધિકારીશ્રીની સુચનાનુસાર કામગીરી.

## રાજકોટ મહાનગરપાલિકા
## ચુંટણી શાખા

❖ **જુનીયર ડેટા એન્ટ્રી ઓપરેટર : (૧) શ્રી ડી. આર. સોલંકી**

- **સત્તાઓ વહિવટી**
  - ૧. કોઈ સત્તાઓ એનાયત થયેલ નથી.

- **સત્તાઓ નાણાંકીય**
  - ૧. કોઈ સત્તાઓ એનાયત થયેલ નથી.

- **સત્તાઓ અન્ય**
  - ૧. કોઈ સત્તાઓ એનાયત થયેલ નથી.

- **ફરજો**
  - ૧. વસતિ ગણતરી કાર્યક્રમ બાદ વસતિનાં આંકડા મુજબ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર દ્વારા સુચવેલ વોર્ડવાઈઝ આંકડા અને વોર્ડની સંખ્યા મુજબ વોર્ડ સીમાંકન લગત કોમ્પ્યુટરાઇઝડ ડેટા તૈયાર કરવાની કાર્યવાહી.
  - ૨. ચુંટણી શાખા ના પત્ર/પરિપત્ર/હુકમો કોમ્પ્યુટરમાં ટાઈપ કરવાની કામગીરી.
  - ૩. ચુંટણી શાખા માટે ઈમેઇલ મારફત પત્રવ્યવહાર કરવાની કામગીરી.
  - ૪. વિધાન સભાની મતદારયાદી પરથી રાજકોટ મહાનગરપાલિકાનાં વોર્ડવાઈઝ મતદારયાદી બનાવવા જરૂરી કોમ્પ્યુટરાઇઝડ ડેટા લગત કામગીરી.
  - ૫. મતદારયાદીનાં આનુસંગિક પત્રકો જેવાકે નમુના નંબર -૧, નમુના નંબર-૨ ઉપરાંત નમુનો-'ક' તથા નમુનો-'ખ' વિગેરે કોમ્પ્યુટરાઇઝડ કરવાની કામગીરી.
  - ૬. સામાન્ય ચુંટણી દરમ્યાન ચુંટણી લગત માહિતી કોમ્પ્યુટરમાં તૈયાર કરવાની કામગીરી.
  - ૭. સામાન્ય ચુંટણી/મધ્યવર્ગી ચુંટણી/પેટા ચુંટણી માટે મતદાન મથકો ની નિયત નમૂનામાં યાદી તૈયાર કરવાની કામગીરી અને માર્કકોપી ટાઈટલ પેઈજ તૈયાર કરવાની કામગીરી.
  - ૮. અત્રે શાખા લગત કોમ્પ્યુટરાઈઝ શાખા બીલ બનાવવાની કામગીરી.
  - ૯. આસિસ્ટન્ટ મેનેજર, ચુંટણી શાખા તથા ઉપરી અધિકારીશ્રીની સુચનાનુસાર કામગીરી.

## રાજકોટ મહાનગરપાલિકા
## ચુંટણી શાખા

❖ જુનીયર ક્લાર્ક : (૧) શ્રી જે. એન. રાણા

- **સત્તાઓ વહિવટી**
  1. કોઈ સત્તાઓ એનાયત થયેલ નથી.
- **સત્તાઓ નાણાંકીય**
  1. કોઈ સત્તાઓ એનાયત થયેલ નથી.
- **સત્તાઓ અન્ય**
  1. કોઈ સત્તાઓ એનાયત થયેલ નથી.
- **ફરજો**
  1. કર્મચારીઓના પગાર બિલની કામગીરી.
  2. આસિસ્ટન્ટ મેનેજર, ચુંટણી શાખા તથા ઉપરી અધિકારીશ્રીની સુચનાનુસાર કામગીરી.

❖ જુનીયર ક્લાર્ક : (૨) શ્રી એન. પી. ભુવા

- **સત્તાઓ વહિવટી**
  1. કોઈ સત્તાઓ એનાયત થયેલ નથી.
- **સત્તાઓ નાણાંકીય**
  1. કોઈ સત્તાઓ એનાયત થયેલ નથી.
- **સત્તાઓ અન્ય**
  1. કોઈ સત્તાઓ એનાયત થયેલ નથી.
- **ફરજો**
  1. ચુંટણી શાખા ના પત્ર/પરિપત્ર/હુકમો ઇનવર્ડ-જાવક ની કામગીરી.
  2. આસિસ્ટન્ટ મેનેજર, ચુંટણી શાખા તથા ઉપરી અધિકારીશ્રીની સુચનાનુસાર કામગીરી.

❖ જુનીયર ક્લાર્ક : (૩) શ્રી જે. પી. પરમાર

- **સત્તાઓ વહિવટી**
  ૧. કોઈ સત્તાઓ એનાયત થયેલ નથી.

- **સત્તાઓ નાણાંકીય**
  ૧. કોઈ સત્તાઓ એનાયત થયેલ નથી.

- **સત્તાઓ અન્ય**
  ૧. કોઈ સત્તાઓ એનાયત થયેલ નથી.

- **ફરજો**
  ૧. સેક્રેટરી શાખા ખાતે ફરજ બજાવે છે
  ૨. સેક્રેટરીશ્રી, સેક્રેટરી શાખા તથા ઉપરી અધિકારીશ્રીની સુચનાનુસાર કામગીરી.

❖ ડ્રાઈવર : (૧) શ્રી વાય. જે. દલ

- **સત્તાઓ વહિવટી**
  ૧. કોઈ સત્તાઓ એનાયત થયેલ નથી.

- **સત્તાઓ નાણાંકીય**
  ૧. કોઈ સત્તાઓ એનાયત થયેલ નથી.

- **સત્તાઓ અન્ય**
  ૧. કોઈ સત્તાઓ એનાયત થયેલ નથી.

- **ફરજો**
  ૧. ચુંટણી શાખાને ફાળવેલ વાહનની ડ્રાઈવીંગની કામગીરી.
  ૨. આસિસ્ટન્ટ મેનેજર, ચુંટણી શાખા તથા ઉપરી અધિકારીશ્રીની સુચનાનુસાર કામગીરી.

## રાજકોટ મહાનગરપાલિકા

## ચુંટણી શાખા

**⁕ પ્રકરણ - ૪ (નિયમ સંગ્રહ-૩) ⁕**

**કાર્યો કરવા માટે નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમસંગ્રહ અને દફતરો**

**(૪.૧) દસ્તાવેજનું નામ / મથાળું -**

આ શાખાની કામગીરી માટે અલગથી કોઈ વિનિયમો, સૂચનાઓ, નિયમો કે નિયમસંગ્રહ અમલમાં નથી.

- દસ્તાવેજ પરનું ટૂંકું લખાણ
  ( લાગુ પડતું નથી )

- વ્યક્તિને નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમસંગ્રહ અને દફતરોની નકલ અહીંથી મળશે.
  ( લાગુ પડતું નથી )

- વોર્ડ વાઈઝ વોર્ડ નંબર ૧ થી ૧૮ ની મતદારયાદીઓ

- વસતિ ગણતરીનો દાખલો

- આધાર નોંધણીની કામગીરી

## રાજકોટ મહાનગરપાલિકા
## ચુંટણી શાખા

**⁕ પ્રકરણ - ૫ (નિયમ સંગ્રહ-૪) ⁕**
**નીતિ ઘડતર અથવા નીતિના અમલ સંબંધી જનતાના સભ્યો સાથે સલાહ-પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોય તો તેની વિગત**

### નીતિ ઘડતર -

આ શાખાની કામગીરી માટે અલગથી કોઈ વિનિયમો, સૂચનાઓ, નિયમો કે નિયમસંગ્રહ અમલમાં નથી.

**૫.૧ શું નીતિઓના ઘડતર માટે જનતાની અથવા તેના પ્રતિનિધિઓની સલાહ -પરામર્શ / સહભાગિતા મેળવવા માટેની કોઈ જોગવાઈ છે ?**

ચુંટણી માટે વોર્ડ સીમાંકન નક્કી કરતી વખતે જનતાની અથવા તેના પ્રતિનિધિઓની સલાહ-પરામર્શ / સહભાગિતા મેળવવા જોગવાઈ છે.

**૫.૨ શું નીતિઓના અમલ માટે જનતાની અથવા તેના પ્રતિનિધિઓની સલાહ -પરામર્શ / સહભાગિતા મેળવવા માટેની કોઈ જોગવાઈ છે ?**

નીતિઓના અમલ માટે જનતાની અથવા તેના પ્રતિનિધિઓની સલાહ -પરામર્શ / સહભાગિતા મેળવવા જોગવાઈ છે. પરંતુ રાજ્ય ચુંટણી પંચ દ્વારા નીતિઓ નક્કી થાય છે.

# રાજકોટ મહાનગરપાલિકા
## ચુંટણી શાખા

*** પ્રકરણ - ૬ (નિયમ સંગ્રહ-૫) ***

**જાહેરતંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યક્તિઓ પાસેનાં દસ્તાવેજોની કક્ષાઓ અંગેનું પત્રક**

**(૬.૧)** સરકારી દસ્તાવેજો વિશેની માહિતી આપવા નીચેના નમૂનાનો ઉપયોગ કરશો . જ્યાં આ દસ્તાવેજો ઉપલબ્ધ છે તેવી જગ્યાનો ઉલ્લેખ કરેલ છે.

| ક્રમ | દસ્તાવેજની કક્ષા | દસ્તાવેજનું નામ | દસ્તાવેજ મેળવવાની કાર્ય પદ્ધતિ | નીચેની વ્યક્તિ પાસે છે / તેના નિયંત્રણમાં છે. |
|---|---|---|---|---|
| ૧. | પુસ્તિકા | વોર્ડ નંબર ૧ થી ૧૮ ની વોર્ડવાઈઝ મતદારયાદી | અરજી કરી નિયત ફી ભરીને | આસિસ્ટન્ટ મેનેજર, ચૂંટણી શાખા |
| ૨. | સી.ડી. | વોર્ડ નંબર ૧ થી ૧૮ ની વોર્ડવાઈઝ મતદારયાદીની સોફ્ટ કોપી | અરજી કરી નિયત ફી ભરીને | આસિસ્ટન્ટ મેનેજર, ચૂંટણી શાખા |
| ૩. | પત્ર | શહેરી વિસ્તારની વસતિ અંગેનો દાખલો | અરજી કરી નિયત ફી ભરીને | આસિસ્ટન્ટ મેનેજર, ચૂંટણી શાખા |

આ દસ્તાવેજો નીચેના સ્થળે ઉપલબ્ધ રહેશે.

**રાજકોટ મહાનગરપાલિકા**
**ચૂંટણી શાખા**
રૂમ નં.૧૧, ત્રીજો માળ,
ડો.આંબેડકર ભવન,
ઢેબરભાઈ રોડ,
રાજકોટ.

**⁕ પ્રકરણ - ૭ (નિયમ સંગ્રહ-૬) ⁕**

**તેના ભાગ તરીકે રચાયેલ બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક**

**(૭.૧) જાહેર તંત્રને લગતા બોર્ડ, પરિષદો, સમિતિઓ અને અન્ય મંડળો અંગેની વિગત -**

રાજકોટ મહાનગરપાલિકાને લગત ન હોઈ, આ માહિતી આપવાની જરૂરીયાત જણાતી નથી.

## રાજકોટ મહાનગરપાલિકા
## ચુંટણી શાખા

**⁕ પ્રકરણ - ૮ (નિયમ સંગ્રહ-૭) ⁕**
**સરકારી માહિતી અધિકારીઓનાં નામ, હોદ્દો અને અન્ય વિગતો**

**(૮.૧) જાહેર તંત્રનાં સરકારી માહિતી અધિકારીઓ , મદદનીશ સરકારી માહિતી અધિકારીઓ અને વિભાગીય કાયદાકીય (એપેલેટ) સત્તાધિકારી વિશેની માહિતી.**

| ક્રમ | નામ | હોદ્દો | STD કોડ | ફોન નંબર | | ફેક્સ | e-mail | સરનામું |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | કચેરી | ઘર | | | |
| **મદદનીશ માહિતી અધિકારી** | | | | | | | | |
| ૧ | શ્રી ભાવનાબેન બી. જોષી | એકાઉન્ટન્ટ કમ સિનીયર ક્લાર્ક | ૦૨૮૧ | ૨૨૨૧૬૪૦ | | ૨૨૨૧૫૩૨ | election@ rmc.gov.in | રાજકોટ મહાનગરપાલિકા ચૂંટણી શાખા રૂમ નં.૭, બીજો માળ, ડૉ.આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ. ૩૬૦ ૦૦૧ |
| **સરકારી માહિતી અધિકારી** | | | | | | | | |
| ૧ | શ્રી એન.એમ. આરદેશણા | આસીસ્ટન્ટ મેનેજર | ૦૨૮૧ | ૨૨૨૧૬૪૦ મો. ૯૬૨૪૭ ૧૮૫૪૭ | | ૨૨૨૧૫૩૨ | election@ rmc.gov.in | રાજકોટ મહાનગરપાલિકા ચૂંટણી શાખા રૂમ નં.૧૧, ત્રીજો માળ, ડો.આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકો-૩૬૦ ૦૦૧ |
| **એપેલેટ (કાયદા) સત્તાધિકારી** | | | | | | | | |
| ૧ | શ્રી ડી.જે. જાડેજા | નાયબ કમિશનર, વેસ્ટ ઝોન | ૦૨૮૧ | ૨૩૩૧૪૮૪, ૨૨૩૫૪૧૮ | | ૨૩૩૨૫૪૩ | mc_rmc@ rmc.gov.in | રાજકોટ મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોન, રૂમ નં.૧૧, ત્રીજો માળ, ડો.આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧ |

## ⁕ પ્રકરણ - ૯ (નિયમ સંગ્રહ-૮) ⁕
## નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપદ્ધતિ

**૯.૧ જુદા જુદા મુદ્દાઓ અંગે નિર્ણય લેવા માટે કઈ કાર્યપદ્ધતિ અનુસરવામાં આવે છે ?**

ધી બી.પી.એમ.સી.એક્ટ, ૧૯૪૯ ની જોગવાઈ અનુસરીને નિર્ણયો લેવામાં આવે છે.

**૯.૨ અગત્યની બાબતો માટે કોઈ ખાસ નિર્ણય લેવા માટેની દસ્તાવેજી કાર્ય પદ્ધતિઓ / ઠરાવેલી કાર્યપધ્ધતિઓ / નિયમ માપદંડો / નિયમો કયાકયા છે ? નિર્ણય લેવા માટે કયાક્યા સ્તરે વિચાર કરવામાં આવે છે ?**

પારા નં.૯.૧ માં જણાવ્યા સિવાય અન્ય કોઈ પદ્ધતિ અસ્તિત્વમાં નથી . નિર્ણયો લેવા માટે પ્રકરણો શાખા દ્વારા સહાયક મ્યુનિસિપલ કમિશનર અને નાયબ મ્યુનિસિપલ કમિશનર મારફત મ્યુનિસિપલ કમિશનરને મોકલવામાં આવે છે.

**૯.૩ નિર્ણયને જનતા સુધી પહોંચાડવાની કઈ વ્યવસ્થા છે ?**

નિર્ણયોની લેખિત જાણ સંબંધિતને ટપાલ દ્વારા મોકલવાની વ્યવસ્થા છે.

**૯.૪ નિર્ણય લેવાની પ્રક્રિયામાં જેના મંતવ્યો લેવાનાર છે તે અધિકારીઓ કયા છે ?**

આસીસ્ટન્ટ મેનેજર, ચુંટણી

↓

નાયબ મ્યુનિસિપલ કમિશનર

↓

મ્યુનિસિપલ કમિશનર

**૯.૫ નિર્ણય લેનાર અંતિમ સત્તાધિકારી કોણ છે ?**

મ્યુનિસિપલ કમિશનર

**૯.૬ જે અગુત્યની બાબતો પર જાહેર સત્તાધિકારી દ્વારા નિર્ણય લેવામાં આવે છે તેની માહિતી અલગ રીતે નીચના નમુનામાં આપો.**

આ શાખાને લાગુ પડતું નથી.

# રાજકોટ મહાનગરપાલિકા
## ચુંટણી શાખા

**⁕ પ્રકરણ - ૧૦ (નિયમ સંગ્રહ-૯) ⁕**

**અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા (ડિરેક્ટરી)**

**(૧૦.૧) માહિતી નીચે પ્રમાણે છે -**

| ક્રમ | નામ | હોદ્દો | STD કોડ | ફોન નંબર | | ફેક્સ | e-mail | સરનામું |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | કચેરી | ઘર | | | |
| ૧ | શ્રી એન. એમ. આરદેશણા | આસિસ્ટન્ટ મેનેજર | ૦૨૮૧ | ૨૨૨૧૬૪૦<br>મો. ૯૬૨૪૭ ૧૮૫૪૭ | | ૨૨૨૧૫૩૨ | election@ rmc.gov.in | રાજકોટ મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોન, રૂમ નં.૧૧, ત્રીજો માળ, ડો.આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧ |
| ૨ | શ્રી ભાવનાબેન બી. જોષી | એકાઉન્ટન્ટ કમ સિનીયર ક્લાર્ક | --"-- | --"-- | - | --"-- | --"-- | --- " --- |
| ૩ | શ્રી ડી.આર. સોલંકી | જુનીયર ડેટા એન્ટ્રી ઓપરેટર | --"-- | --"-- | - | --"-- | --"-- | --- " --- |
| ૪ | શ્રી જે.એન. રાણા | જુનીયર ક્લાર્ક | --"-- | --"-- | - | --"-- | --"-- | --- " --- |
| ૫ | શ્રી એન.પી. ભુવા | જુનીયર ક્લાર્ક | --"-- | --"-- | - | --"-- | --"-- | --- " --- |
| ૬ | શ્રી જે. પી. પરમાર | જુનીયર ક્લાર્ક | --"-- | --"-- | - | --"-- | --"-- | --- " --- |
| ૭ | શ્રી વાય. જે. દલ | ડ્રાઈવર | --"-- | --"-- | - | --"-- | --"-- | --- " --- |
| ૮ | શ્રી જે.બી. ડોડીયા | પટ્ટાવાળા | --"-- | --"-- | - | --"-- | --"-- | --- " --- |
| ૯ | શ્રી પી.આર. મિયાત્રા | પટ્ટાવાળા | --"-- | --"-- | - | --"-- | --"-- | --- " --- |
| ૧૦ | શ્રી કે.એમ. ગોસ્વામી | મજુર | --"-- | --"-- | - | --"-- | --"-- | --- " --- |

## રાજકોટ મહાનગરપાલિકા
## ચુંટણી શાખા

*** પ્રકરણ - ૧૧ (નિયમ સંગ્રહ-૧૦) ***

**વિનિયમોમાં જોગવાઈ કાર્ય મુજબ મહેનતાણાની પદ્ધતિ સહીત દરેક અધિકારી અને કર્મચારીને મળતું માસિક મહેનતાણું**

(૧૧.૧) છેલ્લા કાર્યાલય આદેશ મુજબ હાલમાં ચૂંટણી શાખા ખાતે ફરજ બજાવતા અધિકારી / કર્મચારીઓની વિગત નીચે એપ્રિલ-૨૦૧૭ ની સ્થિતિ મુજબ છે.

| ક્રમ | નામ | હોદ્દો | માસિક મહેનતાણું રૂા. (બેઝીક) | કુલ મહેનતાણું રૂા. એપ્રીલ-૨૦૧૮ ની સ્થિતિ | વિનિયમમાં જણાવ્યા મુજબ મહેનતાણું નક્કી કરવાની કાર્યપદ્ધતિ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી એન.એમ. આરદેશણા | આસિસ્ટન્ટ મેનેજર | - | - | નિયમાનુસાર |
| ૨ | શ્રી ભાવનાબેન બી. જોષી | એકાઉન્ટન્ટ કમ સિનીયર કલાર્ક | ૯૩૦૦-૩૪૮૦૦ | ૫૩,૪૦૦ | નિયમાનુસાર |
| ૩ | શ્રી ડી.આર. સોલંકી | જુનીયર ડેટા એન્ટ્રી ઓપરેટર | ૫૨૦૦-૨૦૨૦૦ | ૪૩,૦૪૨ | નિયમાનુસાર |
| ૪ | શ્રી જે.એન. રાણા | જુનીયર ક્લાર્ક | ૫૨૦૦-૨૦૨૦૦ | ૩૫,૩૦૦ | નિયમાનુસાર |
| ૫ | શ્રી એન. પી. ભુવા | જુનીયર ક્લાર્ક | ૫૨૦૦-૨૦૨૦૦ | ૩૫,૩૦૦ | નિયમાનુસાર |
| ૬ | શ્રી જે. પી. પરમાર | જુનીયર ક્લાર્ક | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૭,૯૭૬ | નિયમાનુસાર |
| ૭ | શ્રી વાય.જે. દલ | ડ્રાઈવર | ૪૪૪૦-૭૪૪૦ | ૩૮,૫૩૧ | નિયમાનુસાર |
| ૮ | શ્રી જે.બી. ડોડીયા | પટ્ટાવાળા | ૪૪૪૦-૭૪૪૦ | ૨૮,૨૭૩ | નિયમાનુસાર |
| ૯ | શ્રી પી.આર. મિયાત્રા | પટ્ટાવાળા | ૪૪૪૦-૭૪૪૦ | ૨૧,૮૫૭ | નિયમાનુસાર |
| ૧૦ | શ્રી કે.એમ. ગોસ્વામી | મજુર | ૪૪૪૦-૭૪૪૦ | ૩૪,૪૯૪ | નિયમાનુસાર |

નોંધ :

* ક્રમ-૧ આસિસ્ટન્ટ મેનેજરશ્રીનો પગાર તેઓની મુળ શાખા ખાતે આકારવામાં આવે છે.

* ઉપરોક્ત કોષ્ટક માહે એપ્રિલ-૨૦૧૮ ના પગારપત્રક મુજબ છે.

## ⁕ પ્રકરણ - ૧૨ (નિયમ સંગ્રહ-૧૧) ⁕
## પ્રત્યેક સંસ્થાને ફાળવાયેલ અંદાજપત્ર

(૧૨.૧) જુદીજુદી યોજનાઓ અન્વયે જુદીજુદી પ્રવૃતિઓ માટે અંદાજપત્રની વિગતોની માહિતી નીચેના નમુનામાં દર્શાવેલ છે.

| ક્રમ | યોજનાનું નામ/સદર | પ્રવૃત્તિ | પ્રવૃત્તિ શરૂ કર્યાની તારીખ | પ્રવૃતિ અંતની અંદાજેલ તારીખ | સૂચિત રકમ રૂા. (લાખમાં) | મજુર થયેલ રકમ રૂા. (લાખમાં) | છૂટી કરેલ/ ચુકવેલ રકમ (હપ્તાની રકમ) રૂા. (લાખમાં) | છેલ્લા વર્ષનું ખરેખર ખર્ચ રૂા. (લાખમાં) | કાર્યની ગુણવત્તા માટે સંપૂર્ણપણે કામગીરી માટે જવાબદાર અધિકારી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |

- યોજનાકીય બજેટ નથી. માહિતી નીલ

**=> અન્ય જાહેર તંત્રો માટેનું કોષ્ટક : વર્ષ ૨૦૧૮-૨૦૧૯**

| ક્રમ | બજેટ સદર | વર્ષ ૨૦૧૮-૨૦૧૯ મંજુર થયેલ અંદાજ રૂા. (લાખમાં) | તા.૩૧/૦૫/૨૦૧૮ ચાલુ વર્ષે સુધી થયેલ ખરેખર ખર્ચ રૂા. (લાખમાં) | વર્ષ ૨૦૧૭-૨૦૧૮ ખર્ચ અંદાજ (છેલ્લા વર્ષનો) રૂા. (લાખમાં) | વર્ષ ૨૦૧૭-૨૦૧૮ ખરેખર ખર્ચ (છેલ્લા વર્ષનો) રૂા. (લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | ચૂંટણી પગાર ખર્ચ | ૩૩.૯૧ | ૭.૦૯ | ૩૯.૬૬ | ૩૩.૦૬ |
| ૨ | સાદીલવાર | ૦.૫૦ | ૦.૦૦ | ૦.૫૦ | ૦.૦૧૮ |
| ૩ | ટેલીફોન ખર્ચ | ૦.૨૦ | ૦.૦૦૫ | ૦.૨૦ | ૦.૦૧૩ |
| ૪ | ચૂંટણી ખર્ચ | ૨૫.૦૦ | ૦.૦૬ | ૫૦.૦૦ | ૪૦.૦૩ |

## ⁕ પ્રકરણ - ૧૩ (નિયમ સંગ્રહ-૧૨) ⁕
## સહાયકી કાર્યક્રમોના અમલ અંગેની પદ્ધતિ

(૧૩.૧) કચેરીની આ શાખા દ્વારા કોઈ સહાયકી કાર્યક્રમની અમલવારી કરવામાં આવતી નથી તેથી માહિતી આપવાની થતી નથી.

*** પ્રકરણ - ૧૪ (નિયમ સંગ્રહ-૧૩) ***

**તેણે આપેલ રાહતો, પરમીટ કે અધિકૃતિ મેળવનારની વિગતો**

(૧૪.૧) કચેરીની આ શાખા દ્વારા રહતો, પરમીટ કે અધિકૃતિ આપવાની કામગીરી થતી ન હોઈ, વિગતો આપવાની થતી નથી.

## રાજકોટ મહાનગરપાલિકા

## ચુંટણી શાખા

**⁕ પ્રકરણ - ૧૫ (નિયમ સંગ્રહ-૧૪) ⁕**

**કાર્યો કરવા માટે નક્કી કરેલ ધોરણો**

**(૧૫.૧) વિવિધ પ્રવૃતિઓ / કાર્યક્રમો હાથ ધરવા માટે વિભાગે નક્કી કરેલ ધોરણોની વિગતો નીચે મુજબ છે.**

આ શાખાની નિર્ણય લેવાની પ્રક્રિયા માટે શાખા દ્વારા ફાઈલ ઉપર નોંધ આસિસ્ટન્ટ મેનેજર , ચૂંટણી શાખા દ્વારા જોગવાઈઓ ધ્યાને રાખી સહાયક કમિશનર શ્રી સમક્ષ રજુ કરવામાં આવે છે . જો નિર્ણય તેમના દ્વારા લેવાનો થતો હોય તો નિર્ણયસહ પ્રકરણ પરત આવ્યે અમલવારી કરવામાં આવે છે . અન્યથા નિર્ણય માટે આગળ નાયબ કમિશનર શ્રી કે જરૂર પડયે કમિશનર શ્રી સમક્ષ પ્રકરણ રજુ કરવામાં આવે છે. જેમાં નિર્ણય આવ્યે અમલવારી કરવામાં આવે છે.

**⁕ પ્રકરણ - ૧૬ (નિયમ સંગ્રહ-૧૫) ⁕**

**વિજાનુંરૂપે ઉપલબ્ધ માહિતી**

(૧૬.૧) વીજાણુંરૂપે કોઈ વહીવટ માહિતી ઉપલબ્ધ નથી. પરંતુ મતદાર યાદીની સી.ડી. ઉપલબ્ધ રાખવામાં આવે છે.

## રાજકોટ મહાનગરપાલિકા

## ચુંટણી શાખા

**⁕ પ્રકરણ - ૧૭ (નિયમ સંગ્રહ-૧૬) ⁕**

**કાર્યો કરવા માટે નક્કી કરેલ ધોરણો**

**(૧૭.૧) લોકોને માહિતી મળે તે માટે વિભાગે અપનાવેલ સાધનોની વિગત નીચે મુજબ છે.**

- વર્તમાનપત્રો
- નોટીસ બોર્ડ
- કચેરીમાં રેકર્ડનું નિરિક્ષણ
- દસ્તાવેજોની નકલો મેળવવાની પદ્ધતિ
- ઉપલબ્ધ મુદ્રિત નિયમસંગ્રહ
- જાહેરતંત્રની વેબ સાઈટ
- જાહેરખબરના અન્ય સાધનો
- મતદારયાદીનો કોમ્પ્યુટરાઈઝડ “હેલ્પ લાઈન”

  (ચૂંટણી શાખાના નિયંત્રણ હેઠળ સામાન્ય ચુંટણી/મધ્યવર્ગી ચુંટણી/પેટા ચુંટણી વખતે)

**રાજકોટ મહાનગરપાલિકા**

**ચુંટણી શાખા**

## ⁕ પ્રકરણ - ૧૮ (નિયમ સંગ્રહ-૧૭) ⁕
## અન્ય ઉપયોગી માહિતી

| | | | |
|---|---|---|---|
| (૧૮.૧) | લોકો દ્વારા પૂછાતા પ્રશ્નોના યોગ્ય જવાબો | : | રૂબરૂ, ટેલીફોન દ્વારા, લેખિતમાં કે ઇ-મેઇલ દ્વારા આપવામાં આવે છે. |
| (૧૮.૨) | માહિતી મેળવવા અંગે | : | માહિતી (મેળવવાનો) અધિકાર અધિનિયમ-૨૦૦૫ અને ગુજરાત માહિતી અધિકાર નિયમો-૨૦૦૫ ની જોગવાઈ અનુસાર કાર્યવાહી કરવાથી માહિતી મળી શકે. |
| (૧૮.3) | જાહેરતંત્ર દ્વારા લોકોને અપાતી તાલીમ બાબત | : | આ કચેરી દ્વારા લોકોને આ બાબતે તાલીમ આપવાની વ્યવસ્થા હાલ અમલમાં નથી. |
| (૧૮.૪) | નિયમ સંગ્રહ-૧૩ માં સમાવિષ્ટ ન કરાયેલ હોય તેવા જાહેરતંત્રએ આપવાના પ્રમાણપત્રો, “નાં વાંધા પ્રમાણપત્રો” | : | આ શાખા દ્વારા આવા કોઈ પ્રમાણપત્ર જાહેર જનતાને આપવાના થતાં નથી. |
| (૧૮.૫) | નોંધણી પ્રક્રિયા અંગે | : | આ શાખા દ્વારા મતદાર નોંધણી નિયમો સિવાય કોઈ નોંધણીની પ્રક્રિયા કરવામાં આવતી નથી. |
| (૧૮.૬) | જાહેરતંત્રએ કર ઉઘરાવવા અંગે | : | આ શાખા દ્વારા કોઈ કર ઉઘરાવવામાં આવતા નથી. |
| (૧૮.૭) | વીજળી / પાણીનાં હંગામી અને કાયમી જોડાણો આપવા અને કાપવા અંગે | : | આ શાખા દ્વારા વીજળી / પાણીનાં જોડાણ આપવા / કાપવાની કામગીરી કરવામાં આવતી નથી. |
| (૧૮.૮) | જાહેરતંત્ર દ્વારા પૂરી પાડવામાં આવનાર અન્ય સેવાઓની વિગત | : | પારા નં.૨.૪, ૨.૬ માં જણાવેલ સિવાય વિશેષ સેવા આપવામાં આવતી નથી. |